# એપલ અને એન્ડ્રોઈડ, ટેક્સ્ટ મેસેજ, વૉટસેપ અને ફેસબુકના આ અનોખા યુગની અનેરી વાર્તા

# ‘નોખા રસ્તા’

–આશા વીરેન્દ્ર

આખી કૉલેજમાં પ્રથમ આવીને શુભાએ ઝળહળતી ફતેહ મેળવી હતી. તેજસ્વી, ચાલાક અને દેખાવડી શુભા પોતાની કારકીર્દીમાં ખુબ આગળ વધશે એવી સૌને ખાતરી હતી અને થયું પણ એમ જ. સૉફ્ટવેર એન્જીનીયરીંગની ડીગ્રી મેળવીને હજી કૉલેજ છોડે તે પહેલાં કેમ્પસ ઈન્ટરવ્યુમાં એ પસંદ થઈ અને ભારત ખાતેની બહુરાષ્ટ્રીય કંપનીની શાખામાં નોકરી મળી ગઈ. જે હોય તે કહેતું, ‘શુભા, તું તો કેટલી નસીબદાર! આવી સરસ નોકરી મળી.’

‘હા, અને શરુઆતથી જ પાંચ આંકડાનો પગાર! વર્ષે દીવસે કેટલાનું પેકેજ છે?’ સખીઓ આવી વાતોથી ખુશાલી વ્યક્ત કરતી, તો માતા–પીતા ગૌરવ અનુભવતાં.

‘આપણી શુભાએ તો આપણું નામ ઉજાળ્યું. જે મળે એ એની સફળતાની જ વાત કરતું હોય. વળી, પેપરમાં ફોટોયે આવ્યો. ત્યારથી સૌ આપણને ‘શુભાનાં મમ્મી–પપ્પા’ તરીકે ઓળખવા માંડ્યા. આ તો શરુઆત છે, હજી જીવનમાં કેટલી આગળ વધશે, જોજો ને!’

પહેલે દીવસે ઑફીસે પહોંચી ત્યારે મી. રાવ એને એની કેબીન બતાવવા સાથે આવેલા. ‘કૉંગ્રેચ્યુલેશન્સ અને બેસ્ટ ઓફ લક, શુભા. આ તારી કેબીન છે.’

એ પોતે કેબીનમાં ચારે તરફ જોઈ રહી એસી કેબીનની બારીઓ પર લેટેસ્ટ ડીઝાઈનના મોંઘાદાટ પડદા, દીવાલો પર આધુનીક શૈલીનાં ચીત્રો, કૉફીનું મશીન, વીશાળ ટેબલ અને આરામદાયક બેઠકવાળી ખુરશી. એણે કદી કલ્પના પણ નહોતી કરી કે આવી આલીશાન કેબીનમાં બેસીને એ કામ કરશે. આટલું બધું મળવા છતાં એને કેમ અંદરથી આનન્દ નહોતો થતો? એ કેમ ખુશીથી ઉછળી નથી પડતી? મનમાં ઉંડે ઉંડે શેનો ખટકો હતો, એ એને સમજાયું નહીં. એનું કામ સમજાવવા મીસીસ કપુર કેબીનમાં આવ્યાં ત્યારે એ ખુશ થઈ.

'હાશ! ઘડીક કોઈ સાથે વાત કરવા મળશે.' પણ મીસીસ કપુર તો પુરી ગંભીરતા સાથે 'હાય! ગુડ આફટરનુન' બોલ્યાં એટલું જ! પછી તો તરત એમણે કામ અંગે સમજાવવાનું શરુ કર્યું.

લંચ ટાઈમમાં કેન્ટીનમાં નવી ઓળખાણો થશે એવું એણે ધાર્યું હતું; પણ જે કોઈ મળે એ જાણે પરાણે હસવા ખાતર હસતા હોય એમ 'હા....ય!' કરતા પોતાના ટેબલ પર બેસીને પોતપોતાના આઈફોન પર વ્યસ્ત થઈ જતા હતા. કોઈને કોઈ સાથે વાત કરવાની ફુરસદ પણ નહોતી અને ઈચ્છા પણ નહોતી, થોડા વખત પછી અકળાઈને એણે પોતાના પપ્પાને કહ્યું પણ હતું,

'પપ્પા, તમને બધાને ભલે લાગે કે હું બહુ નસીબદાર છું; પણ મને તો ઑફીસમાં ગુંગળામણ થાય છે. સૌ જાણે ચાવી દીધેલાં પુતળાં! યંત્રવત્ હસે, ખપ પુરતું બોલે અને ચુપચાપ પોતાનું કામ કરે. મને તો આવા વાતાવરણમાં અકળામણ થાય છે.'

'ગાંડી રે ગાંડી, તારા જેવી સફળતા મેળવવા બધા ઝંખે ને તું આવી વાત કરે છે? નવું નવું છે એટલે એવું લાગે. પછી બધું આપોઆપ બરાબર ગોઠવાઈ જશે.'

મમ્મી–પપ્પાને શુભા માટે દેવાંગ યોગ્ય ઉમેદવાર લાગ્યો હતો. સોહામણો, ચપળ અને શ્રીમન્ત પીતાનો બહોળો કારોબાર સંભાળતો યુવાન. અઠવાડીયે, દસ દીવસે મળવાનું ગોઠવીને બન્ને પરીચય આગળ વધારવાની કોશીશ કરી રહ્યાં હતાં.

એક દીવસ કૉફી શૉપમાં એક્સપ્રેસો કૉફીની લીજ્જત માણતાં માણતાં શુભાએ ઓફીસની વાત શરુ કરી, 'જૉબ શરુ કર્યાને મને લગભગ છએક મહીના થયા; પણ ઓફીસમાં બધા સાવ અજાણ્યા જ લાગે છે. જાણે માણસ માણસ વચ્ચે દીવાલ ન આવી ગઈ હોય! કોઈને કોઈની લાગણી કે સમ્વેદના સ્પર્શે જ નહીં! સૌ કોઈ પોતાની આસપાસ વાડ બનાવીને...'

અચાનક એણે જોયું કે એની વાતમાં દેવાંગનું જરાયે ધ્યાન જ નહોતું. એ પોતાના મોબાઈલમાં મશગુલ હતો. ક્યારની પોતે જ બોલી રહી હતી. એને અપમાનજનક લાગ્યું.

'દેવાંગ, મારી વાતનો તેં કંઈ જવાબ ન આપ્યો. તું સાંભળે છે કે પછી...'

'યસ, યસ અફકોર્સ. સાંભળું જ છું; પણ તારી વાત કરતાં મારો આ મેસેજ વધારે ઈમ્પોર્ટન્ટ છે. યુ સી?' ખભે પર્સ ભરાવતી શુભા ઉભી થઈ.

'યસ, આઈ સી. મારી વાત કંઈ તારા મેસેજ જેટલી ઈમ્પોર્ટન્ટ નથી. પછી ક્યારેક મળીશું. ચાલ, હું જાઉં'

ઓફીસના એચ.આર. વીભાગમાં ક્યારેક કોઈ તજજ્ઞને વક્તા તરીકે બોલાવતા. આજના વક્તા હતા અભીજીત ત્રીવેદી. બીજા વક્તાઓની માફક અભીજીતે સુટ નહોતો પહેર્યો, સાદા શર્ટ–પેન્ટ પહેર્યાં હતાં. પગમાં બ્રાન્ડેડને બદલે સામાન્ય છતાં સરસ બુટ. એના હસમુખા ચહેરા અને રસપ્રદ શૈલીએ સૌનાં મન મોહી લીધાં.

'માણસે પોતાની સગવડ માટે, પોતાની ગરજે, યંત્રોની શોધ કરી અને એ યંત્રો ચલાવવા લાગ્યો; પણ આજે હવે ધીમે ધીમે કરતાં માણસ ખુદ જ યંત્ર બનતો જાય છે અને રોબો જેવું યંત્ર, માણસનાં બધાં કામ કરવા લાગ્યું. યંત્ર બનેલો માણસ હવે બીજા માણસ સુધી પહોંચી નથી શકતો. અન્ય વ્યક્તી સાથે હળવા–મળવા કરતાં એ વધુ ને વધુ એકલો, સ્વકેન્દ્રી અને પોતાના ટાપુ પર જીવતો થઈ ગયો છે.'

સૌ સ્તબ્ધ થઈને એને સાંભળી રહ્યાં. પ્રશ્નોત્તરી વખતે શુભાએ પુછ્યું, 'આમાંથી બહાર નીકળવાનો ઉપાય શો હોઈ શકે ?'

'પ્રકૃતી તરફ પાછા વળવું. યંત્રને બદલે માણસને ચાહવાં. હું આદીવાસી બાળકો સાથે કામ કરું છું. એમાં મને જે આનન્દ મળે છે, એ આ સીમેન્ટ કોંક્રીટનાં જંગલમાં શોધ્યો જડતો નથી. તમારામાંથી કોઈનેયે મારી સાથે જોડાવાની ઈચ્છા થાય તો તમારું સ્વાગત છે.'

એક ધ્યાને સાંભળી રહેલી શુભાને થયું, 'બસ, મારું મન જે ઝંખતું હતું તે આ જ છે. જે જીવનરસ સુકવી નાખે, એવી નોકરી કે એવો જીવનસાથી, મારે નથી જોઈતાં.'

એણે અભીજીતનો નંબર પોતાના મોબાઈલમાં 'સેવ' કર્યો અને પછી તરત જ દેવાંગને 'મેસેજ' કર્યો – – –

'આજે, અત્યારે જ મને સમજાયું છે કે, આપણા રસ્તા અલગ છે. હું મારે રસ્તે જવાની છું. તને તારા મનગમતા રસ્તે આગળ વધવાની શુભેચ્છા સાથે..'

–આશા વીરેન્દ્ર

'અર્પણા મહાજન'ની 'મરાઠી' વાર્તાને આધારે..

(તા. 01-10-2018ના 'ભુમીપુત્ર' પાક્ષીકમાં છેલ્લે પાને પ્રકાશીત થયેલી આ વાર્તા, લેખીકાબહેનની અનુમતીથી સાભાર.. ..ઉ.મ..)

–આશા વીરેન્દ્ર

સર્જક–સમ્પર્ક :

આશા વીરેન્દ્ર, બી–401, 'દેવદર્શન', પાણીની ટાંકી પાસે, હાલર, વલસાડ– 396 001

ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137 ઈ.મેઈલ : avs_50@yahoo.com

♦●♦

## ટચુકડી વાર્તાઓની ઈ.બુક

તમને આવી નાનકડી, માત્ર 750 શબ્દોની મર્યાદામાં રચાયેલી વાર્તાઓ વાંચવાનો શોખ ખરો?

જો હોય તો તમારે માટે એક શુભ સમાચાર છે. 2005થી પ્રકાશીત થતી આ 'સ.મ.'માં આવી વાર્તાઓ, બહુ વખાણાઈ અને વીશેષ આદર પણ પામી છે.

અમે તેવી પચીસ વાર્તાની એક રુપકડી ઈ.બુક બનાવી છે.. તમને તે જોવા–વાંચવાનો ઉમળકો થાય તો, તમારું પુરું નામ, સરનામું અને કૉન્ટેક્ટ નંબર લખી, મને જરુર લખજો..

તમને તે મોકલી આપીશ.. ..ઉત્તમ.મધુ ગજ્જર.. uttamgajjar@gmail.com

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ: ચૌદમું – અંક: 422 –March 17, 2018

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

♦●♦

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,61,30,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,21,89,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 10,65,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,00,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@